# નગરમાં પ્રિમોન્સુન કામગીરી અદૃશ્ય : નમી પડેલા જોખમી વૃક્ષો આફત નોંતરશે

## વરસાદના બારણે ટકોરા છતાં વહીવટીતંત્ર ઉંઘમાં, માર્ગોમાં અવરોધ ઉભા થવાની શકયતા



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

ગાંધીનગર, તા.૧૫

દેશમાં ચોમાસાની ધમાકેદાર શરૂઆત કેરળમાં થઈ ચુકી છે અને હવે મંબઈમાં મુશળધાર વરસાદ બાદ ગુજરાતના મધ્ય, દક્ષિણ ગુજરાત તથા સૌરાષ્ટ્રમાં પણ મેઘ મહેર બે દિવસથી ચાલુ છે. અમદાવાદ, ગાંધીનગર સહિત ઉત્તર અને પૂર્વમાં મેઘરાજા બારણે ટકોરા દઈ રહ્યા છે છતાં રાજયના પાટનગરમાં હજુ સુધી પ્રિમોન્સુન કામગીરી દેખાતી નથી. આ કામગીરીને અભાવે મુખ્ય માર્ગોની આસપાસ નમી પડેલા જોખમી વૃક્ષો ભારે વાવાઝોડા સાથેના વરસાદમાં મોટી આફત નોંતરે તેવી દહેશત નગરજનો વ્યકત કરી રહ્યા છે.

રાજયમાં સત્તાવાર રીતે વરસાદે આગમન કરી લીધું છે. મધ્ય, દક્ષિણ ગુજરાતના વડોદરા, અંકલેશ્વર,

● અનુસંધાન પાન-૭ પર

# ટ્રાફીકના નિયમોનું પાલન કરતા ચાલકોને ગીફ્ટ





## ઘ-૪ ખાતે ટ્રાફીક અવેરનેસ ડ્રાઈવ : કીચેઈન, ડાયરી, પેપર વેઈટ અને ગુલાબ અપાયા

## નિયમોનું પાલન ન કરનાર વાહનચાલકોને ટ્રાફીક અવેરનેસ પેમ્ફલેટસ આપવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૧૫

શહેરના ઘ-૪ સર્કલ પાસે આજે સવારના અરસામાં એએસપી કરણરાજ વાઘેલા તથા પોલીસની ટીમો ઉભી રહી ગઈ હતી અને અનોખી ટ્રાફીક અવેરનેસ ડ્રાઈવ યોજી હતી. પોલીસે ટ્રાફીકના નિયમોનું પાલન કરતાં તમામ વાહનચાલકોને ઉભા રાખીને ગુલાબ, કીચેઈન, ડાયરી સહિતની ગીફટ અર્પણ કરી હતી. તો બીજી તરફ ટ્રાફીકના નિયમોનું ઉલ્લંઘન કરીને કરતાં વાહનચાલકોને ટ્રાફીક અવેરનેસ પેમ્ફલેટ્સ આપી નિયમોનું પાલન કરવા સુચન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી જિલ્લામાં ટ્રાફીક અવેરનેસ માટેના વિવિધ કાર્યક્રમો કરવામાં આવી રહ્યો છે. ત્યારે ગાંધીનગર એએસપી કરણરાજ વાઘેલા તથા સે. ૨૧ પી.આઈ. બી.એ. ચાવડા અને ટ્રાફીક પીઆઈ વાય.આર. ગામીત તેમની ટીમો સાથે ઘ-૪ સર્કલ પહોંચી ગયા હતા અને અવરજવર કરતાં તમામ વાહનચાલકોને ટ્રાફીકના નિયમોનું પાલન કરવા સુચન કરવામાં આવ્યું હતું. વિશેષમાં જે વાહનચાલકોએ હેલ્મેટ, સીટ બેલ્ટ પહેર્યા હતા તે વાહનચાલકોને ગુલાબ, કીચેઈન, પેપર વેઈટ, ડાયરી સહીતની ભેટ આપી સન્માન કરવામાં આવ્યું હતું. જ્યારે જે વાહન ચાલકો નિયમોને નેવે મુકીને વાહન ચલાવતા હતા તેમને અવેરનેસ પેમ્ફલેટ્સ આપી ટ્રાફિકના નિયમોનું પાલન કરવા સુચન કર્યું હતું. આ પ્રકારે અવેરનેસ કેમ્પેઈન રજુ કરવામાં આવ્યો તેમ એએસપીએ જણાવ્યું હતું.

# ભાજપ યુવા મોરચાના પ્રદેશ પદાધિકારીઓની આજે બેઠક

ગાંધીનગર, તા.૧૫

ભારતીય જનતા યુવા મોરચાના પ્રદેશ મહામંત્રી શ્રી હિતેશભાઈ પટેલે એક અખબારી યાદીમાં જણાવે છે કે, આગામી તા. ૧૭ જુનના રોજ પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષ શ્રી પ્રદિપસિંહ વાઘેલાની અધ્યક્ષતામાં મોરચાની પૂર્ણ દિવસની કાર્યશાળાનું આયોજન કરેલ છે.

આ કાર્યશાળામાં ગુજરાત રાજયના માન. મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, પ્રદેશ અધ્યક્ષ શ્રી આર.સી. ફળદુ, રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી શ્રી વી.સતીષજી, રાજયસભાના સાંસદ-પ્રદેશ મહામંત્રી તેમજ યુવા મોરચાના પ્રભારી શ્રી મનસુખભાઈ માંડવીઆ ઉપરાંત રાજય સરકારના મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરી ઉપસ્થિત રહી કાર્યશાળાના અપેક્ષિત સભ્યશ્રીઓને માર્ગદર્શન આપશે. આ સૌ મહાનુભાવોના માર્ગદર્શન બાદ જિલ્લા/મહાનગર સઃ જુદી જુદી ટીમો બનાવી અલગ અલગ બેઠકોનું આયોજન પણ કરેલ છે.

આ પૂર્ણ દિવસીય કાર્યશાળામાં મોરચાના પ્રદેશના હોદેદારશ્રીઓ, પ્રદેશ સેલના કન્વીનર સહ કન્વીનરશ્રીઓ, પ્રદેશ કારોબારી-આમંત્રિત સભ્યશ્રીઓ તેમજ જિલ્લા/મહાનગરની યુવા મોરચાની સંપૂર્ણ ટીમ ઉપસ્થિત રહેશે.

### તા. ૧૬ થી ૨૦ જુન સુધી યોગ તાલીમ અને માર્ગદર્શન માટે તેમજ ૨૧મી જુનના રોજ વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવા માટેના સ્થળોની યાદી

| વોર્ડ નં. | સ્થળોના નામ |
|---|---|
| ૧ | પ્રા. શાળા, સે-૨૭ |
| ૨ | પ્રા. શાળા, સે-૨૮ |
| ૩ | પ્રા. શાળા, સે-૩૦ |
| ૪ | પ્રા. શાળા, સે-૨૧ |
| ૫ | પ્રા. શાળા, સે-૨૪ |
| ૬ | પ્રા. શાળા, સે-૧૬ |
| ૭ | પ્રા. શાળા, સે-૧૩ |
| ૮ | પ્રા. શાળા, સે-૮, ગ્રામ્ય વિસ્તારની દરેક પ્રા. શાળા |
| ૯ | પ્રા. શાળા, સે-૭ |
| ૧૦ | પ્રા. શાળા, સે-૩ |
| ૧૧ | પ્રા. શાળા, સે-૨ |

# મનપા દ્વારા પ્રાથમિક શાળાઓમાં યોગની તાલીમ

## તા. ૧૬ થી ૨૦ જુન સધી યોગ પ્રશિક્ષણની સુવિધા; સામાજીક, સાંસ્કૃતિક અને સ્વૈચ્છિક સંગઠનો સાથે આગામી ૧૮મી જુને બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૧૫

સમગ્ર વિશ્વમાં આગામી ૨૧મી જુનના રોજ 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની ઉજવણી કરવા વિભિન્ન સ્તરે આયોજન કરાયા છે ત્યારે ગાંધીનગર મ્યુનિ. કોર્પોરેશન દ્વારા પણ યોગ દિવસની ઉજવણી હેતુ યોગ તાલીમ અને માર્ગદર્શન નો કાર્યક્રમ ઘડી કાઢયો છે. યોગના શારીરિક અને માનસિક ફાયદા અંગે તેમજ પધ્ધતિસરના યોગ અંગે નાગરિકોને માહિતી મળે એ માટે ગાંધીનગર મ્યુનિ. કોર્પોરેશન દ્વારા આગામી તા. ૧૬થી૨૦ જુન ૨૦૧૫ સુધી વિભિન્ન સેકટરની પ્રાથમિક શાળામાં યોગ પ્રશિક્ષણના વર્ગ યોજાશે. આ



હેતુ ૧૧ વોર્ડ મુજબ ૧૧ નોડલ અધિકારી તથા યોગ પ્રશિક્ષકની નિયુકિત કરવામાં આવી છે. આ કેન્દ્રોમાં સવારે ૭ કલાકથી ૮ વાગ્યા સુધીના એક કલાકના ગાળામાં નાગરિકોને યોગનું માર્ગદર્શન અને માહિતી અપાશે.

આ યોગ કેન્દ્રોનો મોટી સંખ્યામાં નાગરિકો લાભ એ માટે વિભિન્ન વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે. આગામી ૨૧મી જુનના રોજ પણ આ કેન્દ્રો પર 'વિશ્વ યોગ દિવસ'ની ઉજવણી કરાશે.

દરમિયાન વિશ્વ યોગ દિવસ ઉપરાંત યોગ માર્ગદર્શન કાર્યક્રમનો મહત્તમ શહેરીજનો લાભ લે એ હેતુ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા ગાંધીનગર શહેરના વિભિન્ન સામાજિક, સાંસ્કૃતિક અને સ્વૈચ્છિક સંગઠનોના અગ્રણી સાથે આગામી તા. ૧૮મી જુના રોજ સાંજે ૪ વાગે મ્યુનિસિપલ ભવનના કોન્ફરન્સ હોલમાં એક બેઠકનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

# આંતરિક સુરક્ષા મજબુત બનાવવા અને વિદેશી નાગરિકોને ઉચ્ચ શ્રેણીની સેવા આપવા ખાસ બેઠક

ગાંધીનગર, તા. ૧૫

તાજેતરમાં ડી.જી.પી. કચેરી ગાંધીનગર ખાતે ભારત સરકારના ઈ-ગર્વનન્સ પ્લાન હેઠળના મીશન મોડ પ્રોજેક્ટ અંતર્ગતના IVFRT પ્રોજેક્ટના અમલીકરણ બાબતે એક દિવસની કોન્ફરન્સનું આયોજન કરાયું હતું. આ IVFRT પ્રોજેક્ટનો ઉદેશ ભારતની આંતરીક સુરક્ષાને મજબુત બનાવવાની સાથે સાથે વિદેશી નાગરિકોને ઉચ્ચ શ્રેણીની સેવા પુરી પાડવાનો છે. આ કોન્ફરન્સનું ઉદ્ઘાટન શ્રી આર.બી. બ્રહ્મભટ્ટ, પોલીસ મહાનિરીક્ષક, ઈન્ટે. એ કરેલ અને આ કોન્ફરન્સમાં શ્રી એ.કે. શર્મા, જોઈન્ટ ડેપ્યુટી ડાયરેક્ટર/ઈમી., બ્યુરો ઓફ ઈમીગ્રેશન, નવી દિલ્હી, શ્રી રાજેન્દ્રકુમાર, એફ.આર.ઓ. અમદાવાદ, શ્રી હિમાંશુ મહેતા IVFRT પ્રોજેક્ટના રાજ્યના સીની. સીસ્ટમ એનાલીસ્ટ અને સ્ટેટ કો. ઓર્ડીનેટર જેવા અધિકારીઓ હાજર રહેલ હતા. આ કોન્ફરન્સમાં રાજ્યના તમામ જિલ્લાના એફ.આર.ઓ. કચેરીના કર્મચારીઓને IVFRT પ્રોજેક્ટના ઉદેશો વિશે સંક્ષિપ્તમાં સમજ આપેલ. પોલીસ મહાનિરીક્ષકશ્રીએ આ પ્રોજેક્ટના C-Form/S-Form જેવા મોડ્યુલને અગ્રતા આપી અમલીકરણમાં પુરતા પ્રયત્નો કરવાની ખાતરી આપી હતી.

# છેલ્લા ૧૫ દિવસથી સે-૧માં પાણી ડહોળું આવતું હોવાની ફરિયાદ

## તંત્ર દ્વારા 'રીપેરીંગ કામ ચાલુ છે' નું રટણ : રીપેરીંગ કામ કયારે પતશે તે અંગે ગલ્લા તલ્લાં : રહીશોના આરોગ્ય પર અસર પડવાની શકયતાઓ



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરના સેકટર-૧માં છેલ્લા ૧૫ દિવસથી નળમાં ડહોળું પાણી આવી રહ્યું છે જેના કારણે રહીશો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યાં છે. ડહોળુ પાણી આવવાની ફરિયાદ કરતા તંત્રમાંથી જવાબ મળે છે કે 'રીપેરીંગ કામ ચાલુ છે' પરંતુ તે કયારે પતશે તે અંગે કોઈ જ સ્પષ્ટતા કરવામાં આવતી નથી.

છેલ્લા ૧૫ દિવસથી સે-૧ના રહીશો પીવાનું અને વાપરવાનું પાણી માટીવાળુ ડહોળુ આવવાના કારણે પરેશાન છે. પાણી ડહોળુ હોવાના કારણે તેના સ્વાદમાં પણ પરીવર્તન આવી ગયું છે. વળી ડહોળુ પાણી પીવામાં સ્વાસ્થ્ય પર અસરો પડવાનો ખતરો પણ મંડરાઈ રહ્યો છે. ડહોળા પાણી અંગે રહીશોએ તંત્રમાં રજુઆત કરી તો પાણીની પાઈપ લાઈનનું રીપેરીંગનું કાર્ય ચાલી રહ્યું હોવાનો જવાબ મળી રહ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# પ્રાથમિક શિક્ષણમાં ગુજરાત હવે ૧૬માં ક્રમ પર ધકેલાયું : કોંગ્રેસ

## કોંગ્રેસના વરિષ્ઠ નેતા ભરતસિંહ સોલંકીના આક્ષેપો : સરકાર પ્રવેશોત્સવના નામે મોટી-મોટી જાહેરાત કરવાના બદલે શિક્ષણ ક્ષેત્રે સુધારાઓ પર ધ્યાન આપે તે જરૂરી

અમદાવાદ, તા.૧૫

ગુજરાતની ભાજપ સરકાર દિશાવિહિન થઈ ગઈ છે જેના પરિણામે રાજયમાં શિક્ષણનું સ્તર કથળી રહ્યું છે જે ચિંતાંજનક છે. નેશનલ યુનિવર્સિટી ઓફ એજ્યુકેશનલ પ્લીંનીગ એન્ડ એડમીનીસ્ટ્રેશનના તાજેતરના રિપોર્ટ અનુસાર દેશમાં પ્રાથમિક શિક્ષણમાં ગુજરાત ૧૬મા ક્રમે અને માધ્યમિક શિક્ષણમાં ગુજરાત છેક ૨૩મા ક્રમે ધકેલાઈ ગયું છે જે અત્યંત ગંભીર બાબત છે. શું શિક્ષણમાં નીચલા સ્તરે રહેવું એ જ ગુજરાત મોડલ છે. તેવો મુખ્યમંત્રીને પ્રશ્ન પુછતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકી જણાવ્યું હતું કે, ભાજપ સરકાર પ્રવેશોત્સવના નામે મોટી-મોટી જાહેરાત કરે છે એને બદલે શિક્ષણ ક્ષેત્રે નક્કર સુધારા કરવા પર ધ્યાન આપવું જોઈએ. તાજેતરમાં ખુદ મુખ્યમંત્રીએ સ્વીકારવું પડ્યુ હતું કે રાજયમાં શિક્ષણ પરિપત્રોને આધારે જ ચાલી રહ્યું છે. મુખ્યપ્રધાનની કબુલાત જ દર્શાવે છે કે ભાજપ સરકારના નકારાત્મક અભિગમ, ભ્રષ્ટાચારી વલણ અને દિશાવિહિન નેતૃત્વને લીધે પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક, ઉચ્ચ શિક્ષણ ટેકનિકલ શિક્ષણમાં ગુજરાતનું સ્તર અન્ય રાજયની તુલનામાં નબળું પડી રહ્યું છે. રાજયમાં ૧૯૯૮ પછી સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોમાં પુરા પગાર સાથે એક પણ અધ્યાપકની નિમણૂક ભાજપ સરકારે કરી નથી. સેમેસ્ટરપ્રથાને કારણે શિક્ષણ સુધારવાને બદલે ગુજરાતમાં શિક્ષણ કથળી ગયું છે. સેમેસ્ટરપ્રથા લાગુ કરવા માટે જરૂરી અધ્યાપકો, વહીવટી કર્મચારીઓ કોલેજોમાં અને

● અનુસંધાન પાન-૭ પર

### જાહેરાત

પોલીસ અધિક્ષકની કચેરી, ગાંધીનગર ખાતે સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત 'જીવન આસ્થા' હેલ્પ લાઈન કાર્યરત કરવા માટે નીચે જણાવેલ વિવિધ જગ્યાઓ માટે આઉટ સોર્સીંગથી જગ્યા ભરવાની છે.

**(૧) સીનીયર કાઉન્સેલર કમ સુપરવાઈઝર - ૧ જગ્યા**
**(૨) એક્ષટેન્શન ઓફીસર - ૧ જગ્યા ● (૩) કાઉન્સેલર - ૮ જગ્યા**
**વય મર્યાદા : ૨૧ થી ૩૫ વર્ષ**

અરજી ફોર્મ www.spgandhinagar.gujarat.gov.in અથવા પોલીસ અધિક્ષકશ્રીની કચેરીમાંથી રૂબરૂ મેળવી લેવાના રહેશે. ઉમેદવારોએ પોતાની અરજી ફોટોગ્રાફ સાથે મોડામાં મોડી તા. ૫/૭/૨૦૧૫ના રોજ કચેરી સમય દરમિયાન પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગર નાઓની કચેરીની રજીસ્ટ્રી શાખામાં અચુક મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે. વધુ વિગત માટે ઉપર જણાવેલ વેબસાઈટ વીઝીટ કરવી.

**તા. ૧૫-૬-૨૦૧૫** — **પોલીસ અધિક્ષક, ગાંધીનગર**
**માહિતી/૬૫૮/૨૦૧૫-૧૬**

લવિંગ-ફુદિનાનાં સ્વાદથી સમૃધ્ધ દુનિયાનું સૌ પ્રથમ હર્બલ ધુમપાન જે આપનાં માટે ફાયદાકારક છે
Mauns Nirdosh
શરદી, માથાનાં અને શરીરનાં દુખાવા માટે શ્રેષ્ઠ હર્બલ બામ અને રોલ ઓન
હૃદય માટે શ્રેષ્ઠ શેકેલી અળસી
પાન મુખવાસ
ફિલ્ટર સાથે
TOBACCO 100% FREE
વ્યાપારિક પૂછપરછ માટે સંપર્ક : માન્સ પ્રોડકટસ (ઈન્ડીયા), મો.: ૯૯૦૯૬૯૮૩૧૪
દરેક જાણીતા મેડીકલ સ્ટોર્સ પર તથા પાન પાર્લર પર ઉપલબ્ધ.
ગાંધીનગરના વિક્રેતાઓ : જય આયુર્વેદિક સ્ટોર્સ-સેક્ટર-૨૪, +૯૧ ૯૪૨૮૩૫૧૮૨૧ ● ગાંધીનગર આયુર્વેદિક સ્ટોર્સ - મીના બજાર - +૯૧ ૯૭૨૬૬૩૭૨૧૦ ● સંજીવની આયુર્વેદિક - કુડાસણ રોડ - +૯૧ ૯૪૨૭૨૧૮૮૨૨/૯૪૨૮૨૭૭૪૭૦ ● વેલ કેર આયુર્વેદિક એન્ડ કોસ્મેટીક - સેક્ટર-૬/ડી, +૯૧ ૯૮૭૯૩૪૮૦૪૮ ● રાજ આયુર્વેદિક એજન્સી-સેક્ટર-૨૯ - + ૯૧ ૯૪૨૬૫૭૯૮૫૧ ● અંબિકા આયુર્વેદિક એજન્સી-ઘ-૫ સર્કલ, સેક્ટર-૨૨- +૯૧ ૯૯૭૯૨૬૫૩૭૫.

૮૭ કાઉન્ટર સાથે એન્જિનિયર્સ અને બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ
UltraTech CEMENT The Engineer's Choice
KAMDHENU STEEL
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
ESTD. 1983
કૈલાસ ટ્રેડર્સ
STEEL TIGER એવોર્ડ વિજેતા
● ગોડાઉન : ખ-૨ ચોકડી, સે.૪સી કોર્નર ●
મોબાઈલ : ૯૯૯૮૪૭૩૨૦૦, ૯૮૨૫૯ ૪૭૮૭૮, ૨૩૨ ૨૩૮૦૧
અલ્ટ્રાટેક સિમેન્ટ, કામધેનુ TMT (ISI) સ્ટીલ, કપચી, ગ્રીટ, મેટલ, હિન્દવેર સેનેટરીવેર, સોલીડ કોંક્રીટ બ્રિક્સ (સિમેન્ટ યુઝ્ડ)

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com